- **શૈક્ષણિક લોન યોજના**:
- સફાઇ કામદારો અને તેમના આશ્રિતોને એન્જિનિયરીંગ, તબીબી, પેરા-મેડીકલ, ફિઝીયોથેરાપી, ડિપ્લોમા, પેથોલોજી, હોટલ મેનેજમેન્ટ, ડેન્ટલ, આયુર્વેદિક, એડમિનિસ્ટ્રેશન, મેનેજમેન્ટના અભ્યાસ અને અન્ય માન્ય કોર્ષ માટે લોન આપવામાં આવે છે.
- શૈક્ષણિક લોન યોજના હેઠળ વિદ્યાર્થીનીઓને ૫.૫ ટકા અને વિદ્યાર્થીઓને ૬ ટકાના વ્યાજ દરે ભારતમાં અભ્યાસ માટે રૂા. ૧૦.૦૦ લાખ સુધી અને વિદેશમાં અભ્યાસ માટે વિદ્યાર્થીનીઓને ૬.૫ ટકા અને વિદ્યાર્થીઓને ૭ ટકાના વ્યાજ દરે રૂા.૨૦.૦૦ લાખ સુધીની મર્યાદામાં, અભ્યાસના કુલ ખર્ચની ૯૦ ટકા રકમ લોન રૂપે આપવામાં આવે છે જ્યારે ૧૦ ટકા રકમ ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ (સ્ટેટ ચેનલાઇઝીંગ એજન્સી SCA) દ્વારા બીન વ્યાજકીય લોન તરીકે આપવામાં આવે છે.
- વિદેશમાં અભ્યાસ માટે લાભાર્થી ધ્વારા પૂર્ણ કરેલ અભ્યાસક્રમમાં ઓછામાં ઓછા ૫૦ % ગુણ મેળવેલ હોવા જરૂરી છે.
- લોન મંજૂર થવા સમયે વિધાર્થીનો અભ્યાસ ચાલુ હોવો જોઇએ અને અભ્યાસનો સમયગાળો ઓછામાં ઓછો એક વર્ષનો હોવો જરૂરી છે.